ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા ગુરુવાર, તા.૧૩/૦૨/૨૦૧૪ ના રોજ સવારે ૦૯-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. મુકુલભાઇ શાહે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૧૩/૦૨/૨૦૧૪ |
|---|---|---|
| ૧. | ડૉ. મુકુલભાઇ શાહ, માન. કા.કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. એન. ડી. શાહ | હાજર |
| ૬. | ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહેલ | ગેરહાજર |
| ૭. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | ગેરહાજર |
| ૮. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | હાજર |
| ૯. | પ્રો. ડૉ. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૦. | પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૧. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૨. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | હાજર |
| ૧૩. | ડૉ. શાહ ભરત જે. | હાજર |
| ૧૪. | ડૉ. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | હાજર |
| ૧૫. | ડૉ. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહેલ | હાજર |
| ૧૬. | ડૉ. પટેલ ધવલકુમાર રમણલાલ | હાજર |
| ૧૭. | ડૉ. ઠક્કર જશવંતભાઇ હરીભાઇ | હાજર |
| ૧૮. | ડૉ. મહિતપસિંહ ચાવડા | હાજર |
| ૧૯. | પ્રિ. ડૉ. નિરજાબેન અરૂણ | હાજર |
| ૨૦. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૧. | ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |
| ૨૨. | શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| ૨૩. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |
| ૨૪. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | હાજર |
| ૨૫. | ડૉ. મહેશભાઇ પટેલ | ગેરહાજર |
| ૨૬. | શ્રી દેવાંગભાઇ નાણાવટી | ગેરહાજર |

સભાની શરૂઆતમાં માન.કુલપતિશ્રીએ તમામ સભ્યશ્રીઓનુ હાર્દિક સ્વાગત કરીને આવકાર્યા હતા.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતો હાથ ધરવામાં આવી :

બા.ક્ર.૧ તા.૦૧-૦૨-૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

**ઠરાવ તા. ૦૧/૦૨/૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

બા.ક્ર.૨ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટેચ્યુટ ૯૦ અનુસાર તા.૩૧/૦૩/૨૦૧૩ના રોજ પુરા થતા વર્ષનો ૬૩મો વાર્ષિક હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**ઠરાવ આથી ઠરાવવામાં આવે છે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટેચ્યુટ ૯૦ અનુસાર તા.૩૧-૩-૨૦૧૩નાં રોજ પુરા થતા વર્ષનો ૬૩મો વાર્ષિક હેવાલ મંજૂર કરવો અને આગામી યુનિવર્સિટી કોર્ટની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.**

બા.ક્ર.૩ તા.૧૧-૨-૨૦૧૪ના રોજ મળેલ યુનિવર્સિટી ફાઇનાન્સ સમિતિની કાર્યવાહી નોંધની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

**ઠરાવ ફાઇનાન્સ સમિતિ ધ્વારા ભલામણ કરાયેલ વર્ષ ૨૦૧૩-૧૪નું પુનઃનિર્મિત બજેટ રૂ.૧,૦૪,૬૪,૪૨,૪૦૬/- નું મંજુર કરવાનું રાખવું.**

**ફાઇનાન્સ સમિતિ ધ્વારા ભલામણ કરાયેલ વર્ષ ૨૦૧૪-૧૫ના રૂ.૭૮,૫૦,૫૪,૭૫૦/- ના બજેટમાં યુવક કલ્યાણ પ્રવૃત્તિ માટે રૂ.૭,૦૦,૦૦૦/- ની જોગવાઇ છે તે વધારીને રૂ.૯,૦૦,૦૦૦/- કરવાનું રાખવું તેમજ વિધ્યાર્થીઓ અને કર્મચારીઓને સારા ચા-નાસ્તો મળી રહે તે માટે રૂ.૧૦,૦૦,૦૦૦/- સુધીની સબસીડી યુનિવર્સિટી કેન્ટીન કોન્ટ્રાકટરને આપવા માટે નવી જોગવાઇ કરવી. આમ, વર્ષ ૨૦૧૪-૧૫નું રૂ.૭૮,૬૨,૫૪,૭૫૦/-નું બજેટ મંજુર કરવાનું રાખવું.**

**સને. ૨૦૧૩-૧૪નું પુનઃનિર્મિત બજેટ અને વર્ષ ૨૦૧૪-૧૫નું બજેટ મંજુરી માટે આગામી યુનિવર્સિટી કોર્ટની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.**

આ ઉપરાંત, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા હતા :

**(૧) આગમી શૈક્ષણિક વર્ષ જૂન-૨૦૧૪થી લાયબ્રેરી, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરે માટે કોલેજો ધ્વારા વિધ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી યુનિવર્સિટીએ નકકી કરેલ ધારાધોરણ મુજબ જ લેવાનું રાખવું અને કોલેજ ધ્વારા યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ ફોર્મ્સ જમા કરાવવામાં**

આવે ત્યારે યુનિવર્સિટીએ નિયત ધારાધોરણ મુજબ કોલેજે ફી જમા કરાવી છે તેની ચકાસણી કર્યા બાદ જ એનરોલમેન્ટ ફોર્મ્સ સ્વીકારવાનું રાખવું. આ અંગેનો વિગતવાર પરિપત્ર કોલેજોને પાઠવવાનું રાખવું અને તે યુનિવર્સિટીની વેબસાઇટ પર પણ પ્રસિધ્ધ કરવાનું રાખવું.

(૨) માન. અમિતભાઇ શાહે જણાવેલ હતું કે યુનિવર્સિટીમાં નેશનલ કક્ષાનો સિન્ડર ટ્રેક હોવો જોઇએ અને એક સારૂ જીમ્નેશીયમ હોવું જોઇએ, જે દરખાસ્તનો સ્વીકાર કરવામાં આવ્યો અને આ કામગીરી ઝડપથી થાય તે માટે નીચેના સભ્યશ્રીઓની એક કમીટીનું ગઠન કરવાનું રાખવું.

(૧) શ્રી નરહરિભાઇ અમીન
(૨) શ્રી અમિતભાઇ શાહ
(૩) ડો. દિગ્વિજયસિંહ ગોહેલ

(૩) આ ઉપરાંત વિધ્યાર્થીઓ માટે યુનિવર્સિટીમાં સ્વીમીંગ પૂલ બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી, જે માટે ગ્રાન્ટ મેળવવા યુ.જી.સી. માં દરખાસ્ત મોકલવાનું નકકી કરવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડૉ. બી. વી. પટેલ
કા.કુલસચિવ

નં: એકેડેમિક/ ૧૮૩/A/૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા.૧૩-૦૨-૨૦૧૪